સ્મૃતિ પત્ર ૨

હોય અગત્યા

સમય મર્યાદા

જા.નં/સક/અ/સાયકલ/૧૮-૧૯/૭૬૧
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની કચેરી,
સમાજ કલ્યાણ શાખા, પાંચમો માળ,
જિલ્લા પંચાયત,વડોદરા.
Email-samajkalyanvad@gmail.com
તા.૨૧/૦૮/૨૦૧૮

૫૬૬૫૮
૨૮/૮/૧૮
f-3

પ્રતિ.
આચાર્યશ્રી,
સામેલ યાદી મુજબની
૧ થી ૩૬ ગ્રામ્ય વિસ્તારની શાળાઓ
જિલ્લો.વડોદરા

વિષય:- ધોરણ ૯ ની અનુસુચિત જાતિની કન્યાઓને વર્ષ ૨૦૧૮-૧૯માં "સરસ્વતી સાધના યોજના" હેઠળ સાયકલ આપવા દરખાસ્ત મોકલવા બાબત. (ગ્રામ્ય વિસ્તાર)

સંદર્ભ:- (૧) અત્રેનો પત્ર.નં સક/સ/સાયકલ/૧૮-૧૯/૧ થી ૧૪૯ તા.૦૪/૦૬/૨૦૧૮
(૨) અત્રેનો પત્ર.નં. સક/અ/સાયકલ/૧૮-૧૯/૩૩૯ થી ૪૧૬. તા.૨૫/૦૭/૨૦૧૮

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ઉક્ત સંદર્ભ પત્રથી વર્ષ ૨૦૧૮-૧૯માટે ગ્રામ્ય વિસ્તાર માટે ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસુચિત જાતિની કન્યાઓ કે જે રહેઠાણના સ્થળેથી અંતર મર્યાદાના બાધ વિના અન્ય ગામ/ શહેર/ સ્થળે આવેલ શાળામાં ધોરણ-૯માં અભ્યાસ કરવા જતી હોય તે તમામ કન્યાઓને સાયકલ આપવાની દરખાસ્ત નીચે મુજબની શરતો ધ્યાને લઈ અત્રેની કચેરીમાં પત્રક-૧ (પત્ર પાછળ સામેલ છે) માં તમામ કોલમોની વિગતો ભરી નિયત પ્રમાણપત્ર સાથે શાળાના આચાર્યશ્રીના સહી/સિક્કા સાથેની દરખાસ્ત ફાઈલ કવર સાથે બે નકલમાં રજૂ કરવા જણાવેલ પરંતુ આજ દિન સુધી અત્રે રજુ થયેલ ન હોય તા.૩૧/૦૮/૨૦૧૮ સુધીમાં બીનચૂક દરખાસ્ત રજુ કરવી

જો નિયત સમય મર્યાદામાં આપના તરફથી દરખાસ્ત રજુ કરવામાં નહી આવે તો આપની શાળાની માહિતી "શૂન્ય" ગણવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

શરતો:

(૧) અનુસુચિત જાતિની સરકારશ્રી દ્વારા નક્કી થયેલ જાતિઓની દરખાસ્ત પત્રક-૧માં બે નકલમાં રજુ કરવાની રહેશે

(૨) સદર યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/-ની વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લઈ પાત્રતા ધરાવતી કન્યાના કુટુંબની ગત વર્ષ ૨૦૧૭-૧૮ની વાર્ષિક આવકનું પ્રમાણપત્ર નાયબ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી કે અન્ય સક્ષમ સત્તા અધિકારીનું દરખાસ્ત સાથે અચુક રજુ કરવાનું રહેશે.

(૩) જે કન્યાઓને અગાઉના વર્ષમાં આ યોજના હેઠળ અથવા અન્ય યોજના હેઠળ સાયકલનો લાભ પ્રાપ્ત થયેલ હોય તેવી કન્યાઓને આ યોજનાનો લાભ મળવા પાત્ર થશે નહીં. તેથી તેની દરખાસ્ત કરવી નહી.

(૪) પત્રક-૧માં વિદ્યાર્થીની (કન્યા)નું પૂરૂ નામ તથા સરનામુ તેમજ પિતાનું પૂરૂ નામ અવશ્ય દર્શાવવું.

(૫) આવકના પ્રમાણપત્ર વિના, અધુરી વિગતે, સમય મર્યાદા બાદ કે નિયમ વિરૂધ્ધ કરેલ દરખાસ્ત અંગેઉપસ્થિત થનાર પરિસ્થિતિની અંગત જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે. જેની ગંભીરતા પૂર્વક નોંધ લેવી.

(૬) પત્રક-૧માં સંબંધીત શાળાઓએ સંપર્ક કર્મચારીઓના ફોન નંબર/મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવા

(૭) માહિતી શૂન્ય હોય તો પણ પત્રક-૧ માં "શૂન્ય" માહિતીનું પત્રક અવશ્ય રજુ કરવાનું રહેશે.

બિડાણ:- પત્રક-૧ (પત્ર પાછળ સામેલ છે)

f-3
[illegible]

રૂપમત પર
અધિકારીશ્રીની સહી છે,

(જી.ટી.મકવાણા)
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
જિલ્લા પંચાયત,વડોદરા.

નકલ રવાના જાણ સારૂ:-
પ્રતિ,
આચાર્યશ્રી
યાદી મુજબના મા. શાળાઓ વડોદરા જિલ્લો
અમલવારી સારૂ.

૮-૪૬
ક્રમાંક/ક-૩/૫૨[illegible]/૨૦૧૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.
તારીખ: ૩૧/૮/૨૦૧૮

જીલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

Scanned by CamScanner

સરસ્વતી સાધના અનુસૂચિત જાતિ સાયકલની બાકી દરખાસ્ત શાળા યાદી

**પત્ર.નં.જા.નં/સક/અ/સાયકલકલ/૧૮-૧૯/૭૬૧ તા.૨૧/૦૮/૨૦૧૮ અન્વયે**

**સરસ્વતી સાધના સાયકલ યોજના હેઠળ પત્ર મોકલાવેલ શાળાઓની યાદીનું પત્રક.**

| ક્રમ | શાળાનું નામ | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સરકારી માધ્યમિક શાળા | નાના એકલબારા | પાદરા |
| ૨ | અર્પિ સાયન્સ સ્કુલ | મુવાલ | પાદરા |
| ૩ | શ્રીમતી કાશીબેન બી.પટેલ હાઈસ્કુલ | વિશ્રામપુરા | પાદરા |
| ૪ | અદિતિ સાયન્સ સ્કુલ | ઘાયજ | પાદરા |
| ૫ | પટેલ જે.કે.સાર્વ.હાઈસ્કુલ | કંડારી | કરજણ |
| ૬ | શ્રીમતી એન.આર.પટેલ સાર્વજનિક વિદ્યાલય | હાંડોદ | કરજણ |
| ૭ | શ્રી ડી. એન પી.અશોકચંદ શાહ સ્મૃતિ વિદ્યાલય | મીયાગામ | કરજણ |
| ૮ | સુફીસંત કૈજ એકેડેમી સ્કુલ | કલા | કરજણ |
| ૯ | ધી સર્વોદય હાઈસ્કુલ | વલણ | કરજણ |
| ૧૦ | શ્રી સરસ્વતી વિદ્યામંદિર | સીતપુર | ડભોઈ |
| ૧૧ | શ્રી એમ.એમ.અમીન આદર્શ વિદ્યાલય | નડા | ડભોઈ |
| ૧૨ | શ્રીમતિ એસ.એસ.પટેલ સાર્વ હાઈસ્કુલ | વડજ | ડભોઈ |
| ૧૩ | ચીમનભાઈ પટેલ વિદ્યા સંકુલ | વેગા | ડભોઈ |
| ૧૪ | શ્રી એસ.એસ.પટેલ સરસ્વતી વિદ્યા | બીલ | વડોદરા |
| ૧૫ | શ્રી કે.વી.અંગ્રેજી શાળા | રણોલી | વડોદરા |
| ૧૬ | શ્રી વિનય મંદિર | આસોજ | વડોદરા |
| ૧૭ | શ્રી ઉત્તર બુનિયાદી વિદ્યાલય | દાજીપુરા | વડોદરા |
| ૧૮ | સનસાઈન સેકન્ડરી હાઈસ્કુલ | સાંકરદા | વડોદરા |
| ૧૯ | મોર્ડન સ્કુલ | બાજવા | વડોદરા |
| ૨૦ | પ્રેરણા હિન્દી વિદ્યાલય | બાજવા | વડોદરા |
| ૨૧ | સુવિધા જ્ઞાન વિદ્યાલય | પોર | વડોદરા |
| ૨૨ | શ્રી લાલજી મહારાજ વિદ્યાલય | અંજેસર | સાવલી |
| ૨૩ | વિકાસ વિદ્યાલય | ગોઠડા | સાવલી |
| ૨૪ | પી.કે.એલ.એમ.વિદ્યાલય | મેવલી | સાવલી |
| ૨૫ | શ્રી વી.પી.જેડી હાઈસ્કુલ | મંજુસર | સાવલી |
| ૨૬ | ભકિત ઉત્તર બુનિયાદી વિદ્યાલય | વડીયા | સાવલી |
| ૨૭ | શ્રીમતી એસ.ટી.પટેલ વિદ્યાલય | પરથમપુરા | સાવલી |
| ૨૮ | શ્રીમતી એન.ટી.પટેલ વિદ્યામંદિર | રાજુપુરા | ડેસર |
| ૨૯ | શ્રી આસ્થા વિદ્યાલય | વરસડા | ડેસર |
| ૩૦ | ગણેશપુરા વિભાગ હાઈસ્કુલ | ગણેશપુરા | વાઘોડિયા |
| ૩૧ | વિવેકાનંદ ઉત્તર બુનિયાદી વિદ્યાલય | વનકુવા | વાઘોડિયા |
| ૩૨ | શાંતિનિકેતન હાઈસ્કુલ | રાજુપુરા | વાઘોડિયા |
| ૩૩ | શ્રીમતી એમ.સી.પંચાલ હાઈસ્કુલ | ગોરજ | વાઘોડિયા |
| ૩૪ | ગુરૂકૃપા વિદ્યાલય | નવગામા | વાઘોડિયા |
| ૩૫ | દેવ આશીષ વિદ્યામંદિર હાઈસ્કુલ | તવરા | વાઘોડિયા |
| ૩૬ | ઉન્નતિ વિદ્યાલય માધ્યમિક શાળા | વાઘોડીયા | વાઘોડિયા |

દરખાસ્ત પર અધિકારીશ્રીની સહી

[signature]

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
જિલ્લા પંચાયત, વડોદરા.

Scanned by CamScanner